પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૨૨, મંગળવાર; વૈશાખ વદ - ૧/૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

## જ્ઞાનવાપી મસ્જિદના કુવાની અંદર શિવલિંગ મળ્યાનો દાવો

# શિવલિંગવાળી જગ્યાને સીલ કરવા કોર્ટનો આદેશ

**જિલ્લા અધિકારી, પોલીસ કમિશ્નર, પોલીસ કમિશ્નરેટ અને સીઆરપીએફ કમાન્ડોની જવાબદારી રહેશે કે આ સ્થળને સંરક્ષિત-સુરક્ષિત કરવામાં આવે**



વારાણસી, તા.૧૬

ઉત્તર પ્રદેશના વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ મામલે સોમવારે એક નવો વળાંક આવ્યો છે. મસ્જિદની અંદરથી શિવલિંગ મળ્યુ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વજુખાનાની અંદર કથિત રીતે શિવલિંગને સંરક્ષિત કરવા માટે વકીલ હરીશંકર જૈન દ્વારા



વારાણસી સિનિયર ડિવીઝનની કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજીની તમામ દલીલો સાંભળ્યા બાદ જજ રવિ દિવાકરે આ અરજીનો સ્વીકાર કર્યો છે. સાથે જે તેઓએ વારાણસી તંત્રને આદેશ આપ્યો છે કે તેઓ શિવલિંગવાળી જગ્યાને સીલ કરીને તેને સુરક્ષિત અને સંરક્ષિત કરવાની જવાબદારી લે.

વકીલ હરિશંકર જૈન તરફથી કહેવામાં આવ્યું કે, ૧૬ મે ૨૦૨૨ના રોજ મસ્જિદના કોમ્પલેક્સમાંથી શિવલિંગ મળ્યું છે. જે આ મામલે ખૂબ જ મહત્વપૂર્ણ પુરાવા છે. એટલા માટે જિલ્લા અધિકારી વારાણસીને આદેશ આપવામાં આવે કે તેઓ

● અનુસંધાન પાન-૭ પર

# ઘઉંની ખરીદી ૩૧મી સુધી કરી શકાશે

**ઘઊંની નિકાસ પરના પ્રતિબંધ લાદીને સરકાર ફસાઈ : સરકારે સેન્ટ્રલ પૂલ માટે ઓછી ગુણવત્તાવાળા અનાજની પણ ખરીદી થઈ શકે તે હેતુસર ગુણવત્તા માપદંડો ઘટાડ્યા**

નવી દિલ્હી, તા.૧૬

નિકાસ પર લગાવવામાં આવેલા પ્રતિબંધોના ગણતરીના દિવસોમાં જ સરકારે જે રાજ્યોમાં ઘઉંની ખરીદી માટેની સમય મર્યાદા ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહી હતી ત્યાં તેને લંબાવીને ૩૧ મે, ૨૦૨૨ સુધીની કરી દીધી છે.

સરકારે સેન્ટ્રલ પૂલ માટે ઓછી ગુણવત્તાવાળા અનાજની પણ ખરીદી થઈ શકે તે હેતુસર ગુણવત્તા માપદંડો પણ ઘટાડી દીધા છે.

એક સત્તાવાર આદેશ પ્રમાણે ૧૪મી મે સુધી સેનટ્રલ પૂલ (કેન્દ્રીય ભંડારણ) માટે આશરે ૧.૮ કરોડ ટન ઘઉં ખરીદ કરવામાં આવ્યા છે જે પાછલી સમાન અવધિની સરખામણીએ આશરે ૫૧ ટકા જેટલા ઓછા છે કારણ કે, ઉત્પાદન માટેના મુખ્ય મહિનાઓમાં ગરમી વધવાના કારણે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. જ્યારે ખેડૂતોએ પણ પોતાના ઘઉં સ્જ્ઞઁથી ઉંચા દરે ખાનગી વેપારીઓને આપવાનું પસંદ કર્યું છે.

આ બધા વચ્ચે અનાજની ગુણવત્તા મામલે સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પંજાબ, હરિયાણા અને ચંદીગઢના ખેડૂતો માટે ઝીણા-સુકાયેલા અનાજની મહત્તમ ગ્રાહ્ય મર્યાદા અગાઉના ૬ ટકાથી વધારીને ૧૮ ટકા સુધીની કરી દેવામાં આવી છે.

પંજાબ અને હરિયાણાએ ૨૦ ટકા સુધી ઝીણા-સુકાયેલા અનાજની ખરીદીની મંજૂરી આપવા માટે ઘઉંની ગુણવત્તાના માપદંડોમાં છૂટની માગણી કરી છે.

# આસામમાં પૂરમાં ફસાયેલી ટ્રેનમાંથી ૧૧૯ને બચાવાયા

**ભારે વરસાદથી આસામમાં તબાહી : રાજ્યના અન્ય હિસ્સાઓ સાથે રેલવે અને માર્ગ સંપર્ક ભાંગી પડવાના કારણે અનેક સ્થળોએ પૂર અને ભૂસ્ખલન**

દિસપુર, તા.૧૬

ભારે વરસાદના કારણે આસામમાં તબાહી વધી રહી છે. આ બધા વચ્ચે વાયુસેનાએ કછાર વિસ્તારમાં અનેક કલાકો સુધી પૂરમાં ફસાયેલી એક ટ્રેનમાંથી સેંકડો મુસાફરોને રેસ્ક્યુ કર્યા હતા. અચાનક જ પૂર અને ભૂસ્ખલનના કારણે રાજ્યમાં ભારે તબાહી વ્યાપી છે. આ કારણે અનેક સ્થળોએ માર્ગ અને રેલ સંપર્ક તૂટી ગયા છે. એએસડીએમએએ રવિવારે આગામી ૧૨-૭૨ કલાક માટે કછાર, કરીમગંજ, ધોમાજી, મોરીગાંવ અને નગાંવ જિલ્લાઓ માટે પૂરનું એલર્ટ આપેલું છે.



સિલચર-ગુવાહાટી એક્સપ્રેસ ટ્રેન ભારે વરસાદ અને પૂરના કારણે કછાર વિસ્તારમાં અટવાઈ ગઈ હતી. સ્થિતિ એ હદે વણસી ગઈ હતી કે, ટ્રેન આગળ કે પાછળ પણ નહોતી જઈ શકતી. અનેક કલાકો સુધી ટ્રેન ફસાઈ રહી એટલે જિલ્લા પ્રશાસને ભારતીય વાયુસેનાની મદદથી ૧૧૯ લોકોને રેસ્ક્યુ કરાવ્યા હતા. આસામના દીમા હસાઓ જિલ્લામાં ભૂસ્ખલનના કારણે ઓછામાં ઓછા ૩ લોકોના મોત થયા છે. આસામ રાજ્ય આપદા પ્રબંધન પ્રાધિકરણ (એએસડીએમએ) દ્વારા શનિવારે રાતના સમયે બહાર પાડવામાં આવેલા બુલેટિન પ્રમાણે દીમા હસાઓના હાફલોંગ મહેસૂલી ક્ષેત્રમાં એક મહિલા સહિત ૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રાજ્યના અન્ય હિસ્સાઓ સાથે રેલવે અને માર્ગ સંપર્ક ભાંગી પડવાના કારણે અનેક સ્થળોએ પૂર અને ભૂસ્ખલન બાદ પહાડી જિલ્લો ખૂબ જ પ્રભાવિત થયો છે.

# ફિનલેન્ડ નાટોમાં સામેલ થવા અરજી કરવા જાહેરાત

**સૌલી નિનિસ્ટોએ રશિયાના પ્રેસિડન્ટને ફોન કરી ફિનલેન્ડ નાટોમાં સામેલ થવા જઈ રહ્યું હોવાની જાણકારી આપી**

સ્ટોકહોમ, તા.૧૬

ફિનલેન્ડે ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન (નાટો)માં સામેલ થવા માટે અરજી કરવાની જાહેરાત કરી છે. ફિનલેન્ડના પ્રેસિડન્ટ સૌલી નિનિસ્ટોએ રવિવારે હેલસિંકીમાં કહ્યુ કે, નાટોમાં સામેલ થવા માટે જરૂરી ઔપચારિકતાઓ પૂરી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યુ કે, આજે પ્રેસિડન્ટ અને વિદેશ-સુરક્ષા નીતિ સમિતિએ નિર્ણય કર્યો કે, ફિનલેન્ડ નાટોના સભ્ય બનવા માટે અરજી કરશે. એક દિવસ પહેલા સૌલી નિનિસ્ટોએ રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનને ફોન કરી ફિનલેન્ડ નાટોમાં સામેલ થવા જઈ રહ્યું હોવાની જાણકારી આપી હતી.

ફિનલેન્ડના વડાપ્રધાન સના મારિને કહ્યું કે, નાટોમાં સામેલ થવાને લઈને સરકાર પોતાનો મત સંસદમાં રજૂ કરશે. સોમવારે સંસદમાં નાટો ગઠબંધનમાં સામેલ થવાના નિર્ણય પર ચર્ચા કરાશે. તેમણે આશા વ્યક્ત કરી કે, જેવું અપેક્ષિત હતું, દેશની સંસદ તેને સરળતાથી મંજૂરી આપશે. તે પછી ફિનલેન્ડ તરફથી નાટોને ઔપચારિક અરજી પત્ર સોંપાશે. ફિનલેન્ડના પ્રેસિડન્ટ સૌલી નિનિસ્ટોએ પોતાના રશિયન સમકક્ષ પુતિન સાથે શનિવારે ફોન પર વાત કરી નાટોમાં સામેલ થવાના નિર્ણયની જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતુ કે, પુતિન સાથે ચર્ચા સીધી અન સ્પષ્ટ હતી. આ વાતચીત કોઈ અતિશયોક્તિ વિનાની રહી. તણાવથી બચવા માટે તેને મહત્વની મનાય છે.

# દિલ્હી-એનસીઆરમાં વાદળછાયા વાતાવરણથી ગરમીમાં આંશિક રાહત

નવી દિલ્હી, તા.૧૬

આજે દિલ્હી-એનસીઆર (દિલ્હી-એનસીઆર)માં સવારથી મોસમનો મિજાજ બદલાયો છે. દિલ્હી-એનસીઆરમાં વાદળ છવાયા છે. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું છે. દિલ્હી-એનસીઆર સહીત અનેક રાજ્યોના લોકો છેલ્લા ૪ દિવસથી ભીષણ ગરમી અને હીટવેવનો સામનો કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં હવામાનમાં આવેલા ફેરફારે લોકોને ગરમીથી થોડી રાહત આપી છે. દિલ્હી-એનસીઆરના હવામાન સાથે સબંધિત મહત્વની બાબતોઃ દેશભરમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો કહેર જોવા મળી રહ્યો છે. છેલ્લા દિવસે જ રાજધાની દિલ્હીમાં તાપમાનનો પારો ૪૯ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો હતો. દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ છે. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું છે. દિલ્હી-એનસીઆર સહીત અનેક રાજ્યોના લોકો છેલ્લા ૪ દિવસથી ભીષણ ગરમી અને હીટવેવનો સામનો કરી રહ્યા હતા. દિલ્હી એનસીઆરના લોકો માટે રાહતના સમાચાર છે કે, આજે રાજધાની દિલ્હીમાં ભારે પવન સાથે વાવાઝોડાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# દેશમાં કોરોનાના કેસ ઘટ્યા, મૃત્યુ વધ્યા

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં કોરોનાના કેસ ઘટવા લાગ્યા છે. ગત ૪ અઠવાડિયામાં થયેલા વધારા બાદ રવિવારે કેસોમાં આશરે ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમજ દિલ્હી-એનસીઆરમાં પણ કોરોનાનું સંક્રમણ ઓછું થઈ રહ્યું છે. દેશમાં ૯થી ૧૫ મે વચ્ચે એટલે કે ગત અઠવાડિયે કોરોનાના ૧૮,૫૦૦ નવા કેસ નોંધાયા હતા, જ્યારે તેના પહેલા ૨થી ૮ મે વચ્ચે આશરે ૨૩,૦૦૦ નવા કેસ સામે આવ્યા હતા. આમ અઠવાડિયાના આધાર ઉપર કેસ ઘટ્યા છે પરંતુ આ દરમિયાન કોરોના મૃત્યુમાં સામાન્ય વધારો થયો છે. જેમ કે ૨થી ૮ મે દરમિયાન ૨૦ લોકોના મોત થયા હતા પરંતુ ૯થી ૧૫ મે દરમિયાન ૩૪ લોકોના મોત થયા હતા જેનું કારણ દિલ્હીમાં થયેલા ૧૬ લોકોનું મોત હતું. જે ૨૭ ફેબ્રુઆરી પછીનો રાજધાનીમાં મૃત્યુનો સૌથી મોટો આંકડો છે.

# ઉત્તર કોરિયામાં કોરોનાના કુલ ૧૦ લાખ કેસ, ૫૦નાં મોત

પ્યોંગયાંગ, તા.૧૬

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને સ્વાસ્થ્ય અધિકારીઓને ફટકાર લગાવી છે અને સેનાને દવાનુ વિતરણ કરવામાં મદદ કરવાનો આદેશ આપ્યો છે કેમ કે દેશમાં કોવિડના કેસની લહેર ચાલી રહી છે. પ્યોંગયાંગ જેમને તાવ કહી રહ્યા છે તેનાથી અત્યાર સુધી ૧૦ લાખથી વધારે લોકો બીમાર થઈ ચૂક્યા છે. લગભગ ૫૦ લોકોના મોત પણ નીપજ્યા છે પરંતુ તે સ્પષ્ટ નથી કે તે શંકાસ્પદ કેસમાંથી કેટલાનો કોવિડ ટેસ્ટ થયો હતો.

ઉત્તર કોરિયાની પાસે કોવિડ પરીક્ષણની સીમિત ક્ષમતા છે, તેથી અમુક જ કેસની પુષ્ટિ થઈ છે. રસીકરણની અછત અને ખરાબ સ્વાસ્થ્ય સેવા પ્રણાલીના કારણે ઉત્તર કોરિયાઈ લોકોના વિશેષરૂપથી કોરોના વાયરલની ચપેટમાં આવવાની સંભાવના છે. તેથી અહીં દેશવ્યાપી લોકડાઉન લાગુ છે. કિમ જોંગ-ઉનને ગયા રવિવારે એક ઈમરજન્સી પોલિટ બ્યુરો બેઠકનુ નેતૃત્વ કર્યુ હતું.

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

**કર્મચારીઓની ભરતી અંગેની જાહેરાત**

મંડળીમાં વિવિધ કામગીરી માટે ફીક્સ પગારથી કર્મચારીઓની ભરતી કરવાની છે, ગ્રેજ્યુએટ અને કોમ્પ્યુટરના જાણકાર હોય એવા ૧૮ થી ૩૦ વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાતના સર્ટી, પાસપોર્ટ સાઈઝના ફોટા અને રહેઠાણના પુરાવા સાથે તા. ૨૪/૫/૨૦૨૨ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં મંડળીની ઓફીસે તેમની ઉમેદવારી નોંધાવવા બાયોડેટા સાથે અરજીઓ પહોંચતી કરવા જણાવવામાં આવે છે.

તારીખ : ૧૬/૫/૨૦૨૨ — જનરલ મેનેજર



**સ્વ રમણલાલ શ્રીમાળી**

(૧૯૪૨-૨૦૨૧)

ઈશ્વરે અદભુત કવિતાઓના માલિકને તેમની પાસે બોલાવી લીધાને આજે એક વર્ષ થયું

"મૃત્યુ પાછળ હંમેશા એક ગેરસમજ પ્રર્વતે છે આ જગતમાં
આ આંખ મીચાઈ ગઈ એમ ના સમજો
એ હવે તમારા મટી, ગણાય છે ઈશ્વરના સ્વજનમાં"
–જયેશ શ્રીમાળી

પપ્પાને પ્રથમ પુણ્યતિથિએ એક કાવ્યાત્મક શ્રદ્ધાજલી

શાંતાબેન શ્રીમાળી
મનિષ-ભારતી-શ્લોકા ● જયેશ-નિરીક્ષા-વીર
કલ્પેશ-આયુશ

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ**

**ભાવભીની અંજલિ**



**સ્વ. નરેન્દ્રભાઈ એમ. શાહ**

**સ્વર્ગવાસ તા. ૧૭-૫-૨૦૨૧**

કરૂણા જેના હૃદયમાં હતી,
પરોપકાર જેના પગલામાં હતો,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી
એવો જેમનો જીવન મંત્ર હતો.
એવા પુણ્ય આત્માને પરિવારની ભાવભરી શ્રદ્ધાંજલિ

લિ.
ગં. સ્વ. મુદિતાબેન નરેન્દ્રભાઈ શાહ
કલ્પેશ નરેન્દ્રભાઈ શાહ